સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

સલામી સવારની..

ઉછેર્યો દૂધ પાઇ આતંક, શિંગડાં ભરાવે છે,
કરે છે લાલ આંખ, હવે એમને જ ડરાવે છે,
ભેલાવે છે આતંકી ઘણ, બેકાબૂ આંખલાઓનું -
પાકિસ્તાન ને હવે પોતાનું પેટ જ હરાવે છે..
(બોમ્બ બ્લાસ્ટ - રોજીંદી ઘટમાળ)

હાઈકુ

કર્યા સાકાર,
બધાં જ સ્વપ્નો અને
'મનની વાત'

ખાતું ફરે છે,
ખૂદ ખાયદી ધંધે
પોલીસ ખાતું

ચિંતન

માતેવ રક્ષતિ પિતેવ હિતે નિયુક્તે, કાન્તેવ ચાપિ રમયત્યપનીય ખેદમ્ ।
લક્ષ્મી તનોતિ વિતનોતિ ચ દિક્ષુ કીર્તિ કિં કિં ન સાધયતિ કલ્પલતેવ વિદ્યા ॥

વિદ્યા માતાની જેમ પુત્રવત્ રક્ષા કરે છે, અને પિતાની જેમ આપણા હિતની રક્ષા કરે છે. અર્થાત હિત શેમાં છે એનું માર્ગદર્શન આપે છે, તો એક સુંદર સ્ત્રી (પત્ની)ની જેમ આપણે થતા ખેદ-શોક-દુઃખદ પ્રસંગમાં પણ સમજ દ્વારા આનંદ-વિશ્વાસન રૂપ બને છે.

વિદ્યા દ્વારા માત્ર લક્ષ્મીની પ્રાપ્તિ જ થાય છે એવું નથી પણ લક્ષ્મીનો પ્રસ્તાર પણ થઇ શકે છે વિદ્યાથી જ કીર્તિ પણ મળે અને એના પણ વ્યાપ વધી શકે છે.

આમ વિદ્યા એક કલ્પતરૂ જેવી છે જે કંઇ શુભ કલ્પના કરીએ તો તરત પૂર્ણ કરી આપે છે આવી આ કલ્પલત્તા બીજું શું શું નથી કરી શકતી?

વિદ્યા કેવી રીતે સર્વોપયોગી બને છે એ આપણી આસપાસના જીવંત પાત્રોની જેમ જ માતા-પિતા-પત્નીની માફક આપણા રક્ષક-હિતેચ્છુ અને આનંદ-આશ્વાસન આપનારી છે એ અહીં દર્શાવ્યું છે.

સુવિચાર

- લાશ થી ઇસ લીયે તૈરતી રહ ગઇ, ડૂબને કે લીયે જિંદગી ચાહીયે - એસ.એમ.એસ.
- સફળતા નસીબથી પણ મળે છે પરંતુ એકતા અને પુરૂષાર્થ વિના સફળતા ન ટકી શકે - એસ. ભટ્ટાચાર્ય
- બીજાના ભૂલોમાંથી શીખો.. પોતાના પર પ્રયોગ કરી શીખવામાં તો ઉંમર નાની પડશે - શાહબુદ્દિન રાઠોડ
- આજની કેળવણીમાં ગુણ ગમે તેટલાં હોય પણ સૌથી મોટો દુર્ગુણ એક જ છે, અને એ જ કે આપણે બુદ્ધિને ઊંચું અને શ્રમને નીચું સ્થાન આપવાની ભાવના સેવીએ છીએ - કાકાસાહેબ કાલેલકર
- આવક પ્રમાણે નહીં પણ આબરૂં પ્રમાણે ખર્ચ કરવાની ઘેલછાના કારણે જ આ જમાનામાં ઘણાં દુઃખોને આપણે આમંત્રણ આપી બેઠા છીએ - રત્ન સુંદરવિજયજી
- હું હંમેશા ધાર્મિક રહ્યો છું.. મારે ઇશ્વરની ભાગીદારીમાં કામ કરવાનું છે, મારી તો શક્તિ ૫૦% જ છે પણ મારી નિષ્ઠા જોઇને બીજી ૫૦% શક્તિ ઇશ્વર ઉમેરે છે એવી મને પાકી શ્રદ્ધા છે - એ.પી.જે. કલામ
- સત્યને સત્ય તરીકે, અસત્યને અસત્ય તરીકે, અસત્યમાં રહેલા સત્યને, સત્યમાં રહેલા અસત્યને જોવું એટલે મુક્ત મન - જે. કૃષ્ણમૂર્તિ

- (સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

પંડિત નહેરૂ બહુ લાંબી સત્તા ભોગવી - તેમનાં પાછલા શાસનકાળમાં 'નહેરૂ પછી કોણ?' ની ચર્ચા ચાલ્યા કરતી બધાને શૂન્યવકાશ થઇ જશે એમ લાગતું હતું પણ શાસ્ત્રીજી એ લોકોની ચિંતાનો જવાબ આપી દીધો. ઘણીવાર પરિવાર-સચિવાલય અને સત્તા કેન્દ્રમાં રહેનારાને પણ આવી ગેરસમજ થઇ જતી હોય છે કે મારા પછી શું થશે?

ગામના એક વાડામાં મરઘીઓ હતી. આજે એમને ખૂબ ચિંતા હતી રાત્રે મરઘો માંદો પડ્યો હતો. લગભગ છેલ્લા શ્વાસ ચાલુ હતા. મરઘીઓ જાણતી હતી કે મરઘાની વય થઇ છે હવે બચશે નહીં એથી એની ચિંતા નો'તી પણ દરરોજ સવારે એ કૂકડો મોટેથી 'કૂકડે કૂક'ની બાંગ નાખે પછી જ સૂર્યની પધરામણી થાય - હવે કાલે શું થશે? સૂરજ નહીં ઉગે તો? એની ચિંતા હતી.

વહેલી પરોઢે કૂકડો મરી ગયો. મરઘીઓ પોક મૂકી રડી. પૂર્વ દિશામાં નજર નાખી જોતી રહી. ત્યાં તો રોજની જેમ સૂરજ તો ઉગ્યો જ!!

હું કરું, હું કરું એ જ અજ્ઞાનતા... સકટનો ભાર જેમ શ્વાન તાણે -

Email - sureshchandrabhatt18@gmail.com

કોશીશ થી બરફી...!! શબ્દ નહીં સંકેતથી સંવાદનું સર્જન..!!

રહેવા દે તારા રોગનો ઉપચાર મારી પાસે તું, સાનમાં સમજાવીશ તને વહાલ કરીને, રમતાં રમતાં દર્દ હટાવીશ, ખબર પણ નહીં પડે તને

સંસ્કૃત ભાષાને અનન્ય પ્રેમ કરતા હોવાં છતાં પોતાના મુક-બધીર બાળક માટે, છોકરાની કાળજી લેવા વિશિષ્ટ પ્રશિક્ષણ લઇને એમણે મુકબધીર શાળામાં શિક્ષિકાની નોકરી સ્વીકારી લીધી... અને અચાનક એક દિવસ એ છોકરાનું મૃત્યુ થયું. ફરી સંસ્કૃત વિષય તરફ વળવાના વિચારમાં હતાં અને આચાર્યના શબ્દો કાને પડ્યાં, "તમારા બાળકો તમારી રાહ જુવે છે..." આ વાક્ય સાંભળતા જ એમનાં, સવિતાબેનનાં જિંદગીમાં 'ટર્નિંગ પોઇન્ટ' આવી ગયો...

બાળપણથી સંસ્કૃત એ એમનો મનગમતો વિષય. ધોરણ દસમાં આવતાં સુધી તો સંસ્કૃતની વિષારદ પરિક્ષા પાસ કરી લીધેલી. ફિલ્મનો શોખ ઓછો, પણ સંજીવકુમારની 'કોશિશ' ફિલ્મ અને એમાં બહેરાં-મુંગા બાળકની વાત એમને સ્પર્શી ગયેલી... સંસ્કૃત સાથે બી.એ. કર્યું અને મુંબઇ વિદ્યાપીઠમાં તૃતીય ક્રમાંક મેળવ્યો. સવિતાબેન દેખાવે સુંદર અને અવાજમાં માધુર્ય, મળતાં જેવાબેન. આકાશવાણી પર સંસ્કૃતના સમાચાર વાંચવાનું કામ મળ્યું, આનંદથી કર્યું, પણ જીવ શિક્ષકનો એટલે આગળ ભણવાનું ચાલું રાખ્યું. 'લોટસ્ ફાઉન્ડેશન' ની સ્કોલરશીપ મળી અને એમ.એ. થઇ ગયા. સંસ્કૃતમાં કંઇક રિસર્ચ કરી શૈક્ષણિક ક્ષેત્રે કારકિર્દી બનાવવી એવી એમની અંતરની ઇચ્છા હતી, પણ નિયતિને કંઇ બીજું જ મંજૂર હતું...

મનોવિજ્ઞાનના પ્રાધ્યાપક સાથે સગપણ થયું અને સવિતાબેનની જિંદગીમાં ખુશીઓની વસંત છલકાઇ ઉઠી. બંને જણા સાથે સિનેમા જોવા ગયાં નામ હતું. 'ખામોશી - ધ મ્યુઝિકલ'. આ ફિલ્મમાં નાના પાટેકર અને સીમા બિસ્વાસનો મુકબધીરનો જાનદાર અભિનય હતો. સવિતાબેને કોશિશ બાદ ગમી ગયેલી આ બીજી ફિલ્મ હતી...

સમયને કોણ રોકી શક્યું છે. એમનાં લગ્ન થઇ ગયા અને ટૂંક સમયમાં માતૃત્વ પણ પ્રાપ્ત થયું. સુંદર મજાનો દીકરો અવતર્યો અને નામ રાખ્યું 'કર્ણ...' બાળક મટ્યું થવા લાગ્યું અને ધ્યાને આવ્યું કે એને સાંભળવામાં તકલીફ છે. વિવિધ ડોકટરોનાં ફેરા અને ટેસ્ટ બાદ તારણ આવ્યું કે 'કર્ણ' ને કાનમાં તકલીફ છે અને એ સાંભળી શકતો નથી... સવિતાબેન હચમચી ગયા, શું કરીશું આ નાનકડાં બાળકનું? 'કર્ણ' મોટો થાય એટલે મુક-બધીર શાળામાં મુકવો પડશે અને એ નિશ્ચિત હતું, અને...

Hello ફ્રેન્ડસ!
—સંજય થોરાત
hellogandhinagar@gmail.com

કર્ણને લઇને બોરીવલીથી સેન્ટ્રલનો પ્રવાસ શરૂ થયો. કર્ણને સરસ રીતે શીખવી શકાય એ માટે કર્ણની સ્કૂલમાં જ સવિતાબેને મુકબધીરની ટ્રેનિંગની ડિગ્રીમાં પ્રવેશ મેળવી લીધો. પોતાના બાળક માટે મા ગમે તે તકલીફ વેઠવા તૈયાર હોય છે, અને આ મા નો તો બાળક મુક-બધીર હતો. ડિગ્રી મળી ગઇ અને નસીબથી સવિતાબેનને એ જ શાળામાં શિક્ષિકાની નોકરી મળી ગઇ. હવે તેઓ માતા અને શિક્ષકના ડબલ રોલમાં આવી ગયા... બધું સરસ ગોઠવાઇ ગયું અને સવિતાબેન ભગવાનનો પાડ માનવા લાગ્યા. પણ નિયતિએ ફરી એમની પરીક્ષા લેવાનું નક્કી કર્યું...

વર્ષ બદલાયું અને નવાં સત્રમાં કર્ણ એમનાં જ વર્ગમાં આવ્યો. શાળામાં અને ઘેર એના કાનમાં મશીન લગાડી એને સાંભળવામાં, બોલવામાં પ્રગતિ થાય એના શ્રેષ્ઠ પ્રયત્નો ચાલતાં હતા અને કર્ણ થોડું ઘણું બોલવા - સાંભળવા - સમજવા લાગ્યો. ખુશીની આ ક્ષણો માંડ બે-ત્રણ મહિના ચાલી એટલામાં ઓગસ્ટ મહિનામાં આવેલા વાયરલ ફિવરમાં કર્ણ ઝપટાયો અને બે જ દિવસનાં તાવમાં એ બધાને છોડીને ચાલતો થયો, કાયમ માટે, સવિતાબેન ધ્રુસકે ધ્રુસકે રોઇ પડ્યાં પણ પહેલાં તો કાન નહોતા હવે તો સમૂળો કર્ણ જ નહોતો રહ્યો... હવે સવિતાબેન એ શાળામાં માત્ર શિક્ષિકા બનીને રહી ગયા...

દુઃખના ૧૦-૧૨ દિવસ વીતી ગયા. બધા ખરખરો વ્યક્ત કરી પોતાના કામે લાગી ગયા. એમનાં મનમાં ફરી ગડમથલ શરૂ થઇ. જેના માટે મુક-બધીરનું શિક્ષણ લીધું એ જ ચાલ્યો ગયો. એટલે હવે શાળામાં જઇને કરવુંય શું? ફરી પોતાના મનગમતાં સંસ્કૃત વિષય તરફ વળી જવું. તેઓ સ્વસ્થ થયાં અને સંસ્કૃતનાં સંગ્રહી રાખેલા પુસ્તકના કબાટ આગળ ઊભા રહી વિચારમગ્ન થયા. એટલામાં ફોનની ઘંટડીએ એમનું ધ્યાન ભંગ કર્યું...

શાળાના આચાર્યા અને સવિતાબેનના ગુરૂ દેવીબેનનો ફોન હતો, "તારા બાળકો તારી રાહ જુએ છે..." વિદ્યાર્થીઓ રાહ જુવે છે એવું ધ્યાને આવતાં જ નિર્ણય લેવો સહેલો થઇ ગયો... વર્ગમાં એક વિદ્યાર્થી માત્ર કાયમ જ ગેરહાજર રહેવાનો છે, એવું ખબર હોવા છતાંય!!

આઠ વર્ષનો કર્ણ ગયો, એની સાથેનાં દિવસો યાદ આવતા જ વિચાર્યું કે કેટલાંય દંપતીને સંતાન જ હોતું નથી. આપણે આઠ વર્ષ તો સંતાન સુખ ભોગવ્યું. બંને જણાએ ફરીથી માતૃત્વ માટેનો વિચાર કે ચર્ચા પણ કરી નહીં. મનોમન જ નક્કી કર્યું. મુકબધીર બાળકના વાલી તરીકે જે દુઃખ યાતના ભોગવી છે. એવી યાતનામાંથી બીજા વાલીઓને થોડાં મદદરૂપ બનીએ. મુક-બધીરનું નિદાન જલદી થાય અને એનાં કાનમાં મશીન ફીટ કરાય, એ માટે ઘરે જ પ્રશિક્ષણ વર્ગ શરૂ કરવા. જાગૃતિ માટે પ્રયત્ન કરવાનું નક્કી કર્યું. આ વિષય પર લખવાનું ચાલું કર્યું. મહારાષ્ટ્રના વર્તમાનપત્રોમાં એમનાં લેખ છપાવા શરૂ થયાં... પછી તો આકાશવાણી, ટીવી, દિવાળી અંક, બાળ સામયિક, સ્ત્રી, વિશેષાંક જયાં પહોંચાય ત્યાં લખતાં જ ગયા...

'મુક-બધીર બાળકોનાં સ્પંદન' એ વિષય પર અનેક સંસ્થામાં વ્યાખ્યાન માળાઓ શરૂ કરી. સાથોસાથ શૈક્ષણિક, સાહિત્યિક, લલિત એવાં વિષયોનાં વ્યાખ્યાન કર્યા. મરાઠી ગીતોની મહેફિલ ચાલુ કરી. આમાંથી જે પૈસા આવતાં ગયા બધાં જ મુકબધીર બાળકોનાં મશીન ખરીદવા લગાડતા ગયા. પાંચ વર્ષની લાઇફ ધરાવતાં આ મશીનની કિંમત ૫૦-૬૦ હજાર જેટલી હોય છે... જે શાળામાં વાલી તરીકે પ્રવેશ લીધેલો ત્યાં જ વાલીઓ માટે સર્જનશીલ ઉપક્રમ ચાલું કર્યો. અને એણાં સવિતાબેનને બેસ્ટ ઇનોવેશન પેપરનો એવોર્ડ મળ્યો. અને રાજય કક્ષાએથી રાષ્ટ્રકક્ષા સુધી એમનું અભિયાન પહોંચી ગયું...

એમના મનગમતો વિષય સંસ્કૃત ભૂલી ન જવાય એટલે એમણે દસમાં બોર્ડના વિદ્યાર્થીઓ માટે મફતમાં બાર વર્ષ સુધી વર્ગો લીધાં અને દરેક વિદ્યાર્થીએ ૯૦નો આંકડો વટાવેલો છે... આ સમયગાળામાં એમને મુંબઇની શ્રેષ્ઠ કોલેજમાં સંસ્કૃતના પ્રાધ્યાપકની નોકરી મળતી હતી પણ જિંદગીની ઉથલપાથલે એમનું અભિયાન બદલી નાખ્યું... મુક-બધીરનાં એમનાં પ્રયત્નો અને સફળતાને ૨૦૧૩માં રાષ્ટ્રપતિ એવોર્ડ પ્રાપ્ત થયો ત્યારે સવિતાબેનને લાગ્યું કે, "લાઇફના ટર્નિંગ પોઇન્ટને સલામ."

ચૂંટલો : સરળ આનંદમાં જતી જિંદગીમાં ક્યારેક અચાનક જ ઉથલ-પાથલ મચી જાય છે, આપણી આશા-અપેક્ષા બહારનું થાય છે, પણ એ ટર્નિંગ પોઇન્ટ જ ક્યારેક જિંદગીની સફળતા માટેનું શ્રેષ્ઠ કારણ બની રહે છે, જરૂર છે છેક સુધી ઝઝુમવાની 'કોશિશ' થી 'બરફી' જરૂર મળવાની.

હું દિવસે ને દિવસે નબળો પડી રહ્યો હતો, પણ દિલના દર્પણમાં આજે પણ મને પરીનો હસતો ચહેરો નજરે પડતો હતો, જે મને જીવવાનું બળ આપી મોત સામે લડવાની તાકાત પુરી પાડતો હતો

નવાં કલેવર
- નટવર હેડાઉ

આજે હું પરીથી હારી ગયો હતો. પરંતુ હારીને પણ કોણ જાણે કેમ હું જીતની ખુશીનો અનુભવ કરી રહ્યો હતો. કદાચ એથી જ કે તેણે જે કહેલું તેનો મને ઘણા સમયથી ઇંતજાર હતો. અથવા એમ કહું કે કદાચ હું ક્યારથી એ કરવા માંગતો હતો.

પરી સાથે મારી પહેલી મુલાકાત આયશાને ઘેર થયેલી. આજે પણ વિશ્વાસ પડતો નથી કે અમે મળ્યા તેને વર્ષો વીતી ગયાં છે. એમ જ લાગે જાણે કે સમય થંભી ગયો ન હોય.

આયશાએ જ અમારી એક બીજા સાથે ઓળખાણ કરાવી હતી. અને પહેલી નજરમાં જ હું તેના પ્રેમમાં પડી ગયો હતો. તેની તસ્લીમ કહેવાની કહેવાની અદા એવી દિલકશ લાગેલી કે આજે પણ હું એ પળને મારી યાદોમાં સંકોરીને બેઠો છું.

દુનિયાનો ભાગ્યે જ કોઇ એવો પુરૂષ હોય જે તેને મળીને પ્રભાવિત ન થાય. અને તેને પોતાની બનાવવા ન ઇચ્છે, ભાગ્યે જ કોઇ સ્ત્રી એવી હોય જે તેના જેવી બનવા ન માંગે. તેની ઇર્ષા કરવાવાળા પણ ઓછા નહોતા. માણસને અરીસામાં પોતાનો ચહેરો કદરૂપો લાગે તો એ ચહેરાને વીખોડીયા નથી ભરતો પણ અરીસાને તોડી નાંખે છે. તે વખતે એ વિચારી શકતો નથી કે ટૂટેલા અરીસામાં તો એ વધુ બાસુરત લાગશે.

તેનું નામ નુર અફ્શાં હતું. પણ હું તેને પરી કહું છું. તેને જોઇને એમ લાગતું જાણે કે ખુદાએ પોતાના માટે એક સ્વરૂપવાન મુર્તિ ઘડી છે. અને તેમાં સમગ્ર વિશ્વની ખુબીઓ સમાવી છે. ભુલથી એ મુર્તિ માનવોની દુનિયામાં આવી ગઇ છે.

ખરેખર પ્રેમની જીવંત તસ્વીર એ હતી. નફરત તો જાણે કે તે સ્પર્શી શકી ન હતી. તેથી જ જો કોઇ તેના હૃદયને ઠેંસ પહોંચાડે તો તેની આંખોમાંથી આંસુઓ મોતીની જેમ દદડવા લાગતાં હતા.

બાળકની જેમ માસૂમ મલકાટ અને ખિલખિલાટ હાસ્ય તેના ચહેરાને બહુ સુંદર બનાવી દેતું હતું. મને ઘણીવાર મન થતું કે હું તેને મારા બાહુપાશમાં લઇ ચુમી લઉં. બિલકુલ એવી જ રીતે જેમ આપણે કોઇ બાળકને તેની વ્હાલભરી શરારત જોઇને તેડીને ચુમી લઇએ છીએ એમ જ. પણ હું એવું ક્યારેય કરી શક્યો નહીં. કેમ કે હું તેને માંગતો ન હતો. હાં હું તેનો પ્રેમી જરૂર હતો પણ એ મારી પ્રેમિકા ન હતી. મારા માટે તો એ જ સંતોષની વાત હતી કે તેની સાથે મારો એક સંબંધ તો થયો. બાકી લોકો તેની સાથે વાત કરવા તરસતા હતા. કદાચ તેથી જ મને વિશ્વાસ હતો કે ક્યારેક ને ક્યારેક તો હું મારા દિલની વાત જરૂરથી તેને કહી શકીશ.

સમયે પડખું ફેરવ્યું, અને ધીમે ધીમે ઇચ્છા ખતમ થવા લાગી. કેમ કે આયશાને એ વાતનો વિશ્વાસ બેસી ગયો તો કે હું નુર અફ્શાંના પ્રેમપાશમાં બંધાઇ ગયો છું. તેથી જ જે આયશા એક સમયે પરીના વખાણ કરતાં થાકતી ન હતી તે હવે મોકો મળતાં જ તેની ખામીઓ ગણાવવા લાગતી હતી.

પણ એને ખબર નહોતી કે અવળો પવન વાય તો એક તણખો પણ મોટી આગનું સ્વરૂપ લઇ લે છે. નહીંતર એ એવી ભૂલ ક્યારેય ન કરત.

આયશાના દિલમાં પરિ પ્રત્યે વધતી શકની દૃષ્ટિ જોઇ મેં પણ પોતાની જાતે જ તેની સામે પરીનો ઉલ્લેખ કરવાનું બંધ કરી દીધું. અને ક્યારેય એટલી હિંમત કરી ન શક્યો કે કંઇ બહાનું કાઢીને તેની પાસે જાઉં કારણ કે તેનો પ્રભાવ જ એવો હતો કે કોઇ સામાન્ય માણસ એમ જ જઇને તેની સાથે વાત કરવાની હિંમત કરી ન શકે.

મારા પેઇન્ટીંગમાં અવારનવાર તેનું અસ્તિત્વ કોઇ ને કોઇ રીતે આંખ, નાક, હોઠ વગેરેને કાયમ મને તેની વધુને વધુ નજીક લાવતું રહ્યું. ક્યારેક તો દિલ તેની બોલતી તસ્વીર બનાવવા એવું બેબાકળું થઇ જતું કે તને રોકવું મુશ્કેલ લાગતું. પરંતુ તેની બદનામીનો વિચાર આવતાં હાથ જાતે જ અટકી જતા. તે વખતે એ જ વિચાર આવતો કે લોકો મારા દિલનું રાઝ જાણી ન જાય. એનાથી તેની બદનામી થશે. કારણ કે સદીઓથી સમાજમાં સ્ત્રીઓ જ બદનામ થતી આવી છે. ભલે તેના માટે જવાબદાર પુરૂષ કેમ ન હોય. એવા કોણ જાણે કેટલાય વિચારો મને મારી પરીથી દૂર ધકેલતા રહ્યા.

સમય એમ જ વિતી રહ્યો હતો ત્યાં એક દિવસ અચાનક હું બિમાર પડી ગયો. ડોક્ટરોને પણ મારા બચવાનો ભરોસો બહુ નહોતો. એવા વખતે ઘરવાળાં સૌ દુઃખી થઇ જાય એ સ્વાભાવિક જ છે. લાંબી માંદગીને કારણે રૂપિયા પૈસાનો ઘણો ખર્ચ થઇ ગયો હતો. એક એક કરીને લોકો દૂર ભાગવા લાગ્યા હતા. કેમ કે એક તો ઉધાર માંગવાનો ડર અને બીજું મારા બચવાની આશા ઓછી હતી જેથી હું તેમને કંઇ કામ આવી શકું. તેમ નથી એ વાત એ બધા જાણી ગયેલા.

ખરૂં જોતા હેરાનગતિ અને મુશ્કેલીના સમયે જ આપણને ખબર પડે છે કે કોણ પોતાનું અને કોણ પરાયું. જેને હું પોતાનાં સમજતો હતો એ પરાયા લાગવા લાગ્યા. અને જેને મેં ક્યારેય પોતાના સમજ્યો ન હતો તે પોતાનાં બનીને કિંમત આપવા લાગ્યા. આ મારી જિંદગીનો સૌથી દુઃખદ અને દર્દનાક સમયગાળો હતો.

હું દિવસે ને દિવસે નબળો પડી રહ્યો હતો. પણ દિલના દર્પણમાં આજે પણ મને પરીનો હસતો ચહેરો નજરે પડતો હતો. જે મને જીવવાનું બળ આપી મોત સામે લડવાની તાકાત પુરી પાડતો હતો. કેમ કે હું મરતાં પહેલાં એકવાર તેને મળવા માંગતો હતો અને તેની સામે મારા પ્રેમનો એકરાર કરવા માંગતો હતો. હું કબૂલ કરવા માંગતો હતો કે અગર ખુદા પછી મેં જો કોઇની ઇબાદત કરી હોય તો એ તેની મહોબ્બત છે. મારી બનાવેલી દરેક તસ્વીરોને હું મારી પરીને બતાવવા માંગતો હતો. જે તસ્વીરો મેં વર્ષો સુધી લોકોની નજરથી છુપાવી મારી દિલની નજીક મારી નજરમાં સાચવીને રાખી હતી.

મને સમજણ પડતી નહોતી કે મારી આ રૂપાળી લાગણીઓ કેવી રીતે અને ક્યાં રજૂ કરું. મારો પૈગામ પરી સુધી કઇ રીતે પહોંચાડું. મારી આ લાચારીને કારણે મારી આંખોમાંથી અનર્ગળ આંસુ વહેવા લાગ્યા. મારાં આંસુ જોઇને અમ્મી ગભરાઇ ગઇ. તે મારી નજીક આવીને બોલી. 'શું થયું બેટા, શું કામ રડે છે?'

મેં આંસુ લૂંછતા ધીમેથી કહ્યું. 'મમ્મી હું તમને એકાંતમાં કંઇ કહેવા માંગુ છું.'

અમ્મીએ મારી વાતમાં હા પાડી અને ઇશારો કરી બધાંને બહાર મોકલી દીધા. મેં અમ્મીને બારણું બંધ કરવા કહ્યું.

(ક્રમશઃ)

બેસ્ટ રિલેશનશીપ એટલે બી-પ્લસ, થિંક પોઝિટીવ

ગુલમહોર
- દિનેશ દેસાઇ

વિખ્યાત મ્યુઝિકલ ગ્રુપ બિટલ્સ્ બેન્ડના સ્થાપક, ગીતકાર, સંગીતકાર અને મશહુર ગાયક જહોન લિનન(જન્મ-૧૯૪૦, નિધન-૧૯૮૦) કહેતા કે તમે કોઈ અદભુત કાર્ય કરો અને કોઈ એ કાર્યની નોંધ ન લે તો નિરાશ ન થશો. કારણ કે દરરોજ સવારે સૂર્યોદય થાય છે, ત્યારે મોટા ભાગના લોકો સૂતા હોય છે.

દરેક શ્રેષ્ઠ અને ઉત્તમ કાર્યનો આરંભ નાનકડા સોનેરી કિરણના અજવાસ સાથે જ થાય છે. શરુઆત કરવાની બાબતમાં કવિવર રવીન્દ્રનાથ ટાગોરની કવિતા યાદ આવે. જેનો ગુજરાતી અનુવાદ જાણીતો છે, તારી હાક સૂણી કોઈ ન આવે તો એકલો જાને રે... તમારા કાર્યના કોઈ વખાણ કરશે એવી આશા રાખવાના બદલે તમારા કાર્ય અને માર્ગને જ વળગી રહો તો એક સમય એવો આવશે જ કે દુનિયાને તમારા કાર્યની નોંધ લેવી જ પડે.

જીવનમાં પ્રેમ અને સંબંધોમાં પ્રેમની ફિલોસોફી સમજવા માટે જહોન લિનનનું જીવન પણ સમજવા જેવું છે. જહોન પોતે ફિલોસોફીનો ચાહક હતો અને સ્વભાવે કવિ-ગીતકાર તથા લેખક પણ હતો. તે એક સંવેદનશીલ હૃદયનો કલાકાર હતો. બિટલ્સ ગ્રુપની લોકપ્રિયતા ટોચ ઉપર હતી અને આ મ્યુઝિકલ બેન્ડના દુનિયાભરના મહત્વના શહેરોમાં પ્રોગ્રામ થતા. દુનિયાભરની યુવતીઓ જહોન લિનનની દીવાની હતી. જહોન લિનનના એક ઈશારે કંઈ કેટલીય યુવતીઓ જાન આપવા તૈયાર રહેતી. જે રીતે માઈકલ જેકશનનો કરિશ્મા રહ્યો.

જહોન લિનનનો જન્મ યુ.કે.માં લિવરપુલ ખાતે થયો અને ચાળીસ વર્ષની ઉંમરે અમેરિકા મ્યુઝિક કોન્સર્ટ આપવા ગયા ત્યાં તેમની હત્યા કરી દેવામાં આવી. જયારે તેમનો સિતારો બુલંદ હતો ત્યારે જ તેમને ઢાળી દેવામાં આવ્યો. બિટલ્સ્ ગ્રુપની લોકપ્રિયતા એટલી કે તેમના ગ્રુપના કલાકારો જેવી હેરસ્ટાઈલ દસકાઓ સુધી ફેમસ રહી.

સંબંધોના મેનેજમેન્ટની પણ વાત કરીએ, જયારે પ્રેમી અથવા પતિ કોઈ સારું કાર્ય કરી બતાવે ત્યારે શું તેની પ્રિયા અથવા પત્ની એ બદલ ગર્વ મહેસુસ કરે છે? અને પોતાના સાથીના વખાણ પણ કરે છે ખરા? એનો જવાબ મોટા ભાગે 'ના'માં જ આવશે

વાત પ્રેમ અને પ્રેમસંબંધની પણ કરીએ. જહોન લિનને ૨૨ વર્ષની ઉંમરે સિન્થિયા પોવેલ (જન્મ-૧૯૩૯) નામની ૨૩ વર્ષની યુવતી સાથે લવ-મેરેજ કર્યા. સિન્થિયા તેના પ્રેમી કરતા એક વર્ષ મોટી હતી. મોટા ભાગે બને છે એમ આ પ્રકારના મેરેજ પછીના વર્ષોમાં મેરેજ રહી જાય અને લવ ડી જતો હોય છે. સને ૧૯૬૨?? ૧૯૬૮ સુધી આ મેરેજ રહ્યાં. તેમનાં પ્રેમલગ્ન તૂટી ગયાં. સિન્થિયાએ પછી તો બીજીવારનાં પ્રેમલગ્ન પણ કર્યા. આજે ૭૫ વર્ષની સિન્થિયા યુ.કે.માં જ નિવૃત્ત અને એકલવાયું જીવન પસાર કરી રહી છે.

પહેલા પ્રેમલગ્ન ભંગ પછી જહોન લિનને સને ૧૯૬૯??? યોકો ઓનો (જન્મ-૧૯૩૩) નામની જાપાનીઝ યુવતી સાથે બીજાં લગ્ન કર્યા. લગ્ન કર્યા ત્યારે જ યોકો ઓનો તેના પ્રેમી-પતિ જહોન લિનનથી ૭ વર્ષ મોટી હતી. તેના માટે આ બીજી વારનાં લગ્ન હતાં. તેનો પહેલો પતિ મૃત્યુ પામ્યો હતો અને વૈધવ્ય જીવન દરમિયાન તેને જહોન લિનન સાથે પ્રેમ થઈ ગયો. યોકો ઓનો મલ્ટીમીડિયા આર્ટિસ્ટ, સિંગર અને વિશ્વશાંતિની ચળવળકર્તા તરીકે જાણીતી હતી. આજે યોકો ઓનો ૮૧ વર્ષની જૈફ ઉંમરે જાપાનમાં રહીને એકલવાયું જીવન જીવી રહી છે.

જહોનની પહેલી પ્રેમિકા સિન્થિયા પોવેલ તેનાથી એક વર્ષ મોટી હતી. એનો સીધો અર્થ એ જ કે જયારે પ્રેમ થાય છે ત્યારે વ્યક્તિની ઉંમર કે તેનો વૈવાહીક દરજ્જો જોવામાં આવતો નથી. એ વ્યક્તિ વિધવા કે વિધુર હોય એમ પરિણીત પણ હોય. જહોનની બીજી પ્રેમિકા અને બીજી પત્ની બનેલી યોકો ઓનો તો જહોનથી ૭ વર્ષ મોટી અને વિધવા પણ હતી.

બેસ્ટ રિલેશનશીપ એટલે બી-પ્લસ. એટલે કે બી પોઝિટીવ. હંમેશા હકારાત્મક જ વિચારો. હકારાત્મક દૃષ્ટિકોણ. થિન્ક પોઝિટીવ. આપણા વિચારો જ આપણી અસ્કયામત છે. જો વિચારવાની પ્રક્રિયા હકારાત્મક હોય તો વાંધો નહી આવે. જહોન લિનન કહે છે એમ જયારે સંબંધમાં અથવા સમાજજીવનમાં કોઈ પણ અપેક્ષા વિનાનું કાર્ય કરવામાં આવે તો એનું પરિણામ સુફળ જ પ્રાપ્ત થતું હોય છે. અપેક્ષા વિનાનું કાર્ય અને અપેક્ષા વિનાનું સમર્પણ હંમેશા સારું જ ફળ આપે છે.

સંબંધને પણ ઉષ્મા અને સુષ્મા જોઈએ. સંબંધને પણ દરકાર અને નિસબત જોઈએ. આપણે જયારે કોઈને એપ્રિસિએટ કરીએ, આપણે જયારે કોઈના સારા અથવા સામાન્ય કાર્યની પણ પ્રશંસા કરી તો જુઓ. કાર્ય કરનાર વ્યક્તિ બમણી ઉર્જા સાથે તમામ કાર્ય પાર પાડશે. પંરતુ આપણા સમાજની તાસીર જ એ છે કે કોઈ કાર્ય સારું થાય તેની પ્રશંસા કરવામાં આવતી નથી. બલકે જો કાર્યમાં કોઈ ભુલ રહી જાય અથવા કાર્યમાં કોઈ વિલંબ યા ચુક થઈ જાય તો તરત જ એની ટીકા કરવામાં આવે છે.

એક વાર એક યુવાન પાસપોર્ટના કામે પાસપોર્ટ કચેરી ગયો. લાઈનમાં ઉભા રહીને ફોર્મ ભરવા કાર્યવાહી કરી. ફી ભરવાની જુદી લાઈન હતી. લાઈનમાં ઉભેલા આ યુવાનનો નંબર આવ્યો ત્યાં જ ફરજ ઉપરના કર્મચારીએ વિન્ડો બંધ કરી દીધી અને સૌને કહ્યું કે સમય પૂરો થયો, હવે કાલે આવજો. લોકો બડબડવા લાગ્યા કે અમારો સમય ખરાબ થયો અને બીજી વારનો ધક્કો થયો. પરંતુ એ લાઈનમાં ઉભા રહેનાર વ્યક્તિ પોતે જયારે પોતાની કચેરીમાં કામગીરી કરે છે ત્યારે શું સમય થઈ ગયા પછી પણ કામકાજ કરે છે? એનો જવાબ મોટા ભાગે 'ના'માં જ આવશે.

સંબંધોના મેનેજમેન્ટની પણ વાત કરીએ. જયારે પ્રેમી અથવા પતિ કોઈ સારું કાર્ય કરી બતાવે ત્યારે શું તેની પ્રિયા અથવા પત્ની એ બદલ ગર્વ મહેસુસ કરે છે? અને પોતાના સાથીના વખાણ પણ કરે છે ખરા? એનો જવાબ મોટા ભાગે 'ના'માં જ આવશે. આ જ પ્રમાણે જયારે પ્રિયા અથવા પત્ની કોઈ સારું સામાજિક કાર્ય કરી બતાવે, સોશિઅલ લીડરશીપ લે અને એ કાર્યમાં સફળ થાય અથવા તો ઘરમાં રજાના દિવસે પોતાના હાથે પ્રેમથી સરસ મજાની વાનગીઓ બનાવે ત્યારે તેના પ્રેમી અથવા પતિ આ પ્રકારના કોઈ એક સંજોગમાં તેની પ્રશંસા કરે છે ખરા? એનો જવાબ પણ મોટા ભાગે ના - માં જ આવશે.

(અનુસંધાન પાના નં. ૬ પર)